सत्यमेव जयते

| | |
|---|---|
| કેસ દાખલ કર્યા તા. | ૧૩/૦૮/૨૦૨૪ |
| કેસ રજી.લીધા તા. | ૧૩/૦૮/૨૦૨૪ |
| ઠરાવ જાહેર કર્યા તા. | ૧૩/૦૪/૨૦૨૬ |
| સમયગાળો : | વર્ષ : માસ : દિવસ : |

---

**પોરબંદરના નામદાર બીજા એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ પોરબંદર**

---

**ફોજદારી કેસ નં.૩૮૯૭/૨૦૨૪**
**આંક–**

**શ્રી સ ર કા ર .....ફરીયાદી**

**-: વિરૂધ્ધ :-**

**(૧) અબ્દુલ આમદ બાલાગામીયા ઉ.વ.૩૦**
**રહે. ભડ ગામ, ડાડા શેરી**
**તા.જી.પોરબંદર**
**(૨) અજીત જીવનભાઇ ગજ ઉ.વ. ૨૫**
**રહે. જાંબુ ગામ, તા.રાણાવાવ,જી.પોરબંદર .....આરોપીઓ**

**ગુનો : ભારતીય દંડ સંહિતા કલમ-૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪**
**તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ**

---

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.પરમાર**
**શ્રી આરોપીઓ પક્ષ તરફે વિ.વ.શ્રી.એસ.એચ.પરમાર**

---

**-: ઠ રા વ :-**

(૧) આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, ગઈ તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ ૧૯:૩૦ વાગ્યાના અરસામાં ભડ ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ફરીયાદી મનિષભાઇ પુનાભાઇ બાલસની ફરસાણની દુકાને આવી તહોમતદારોએ ફરીયાદીને કહેલ કે તારે ગામમાં ધંધો કરવો હોય તો મને મફતમાં નાસ્તો આપવો જોઇશે નહીંતર જાનથી મારી નાંખીશ તેમ કહી

તહોમતદારોએ ફરીયાદીને થપ્પડો તેમજ લાકડાના ધોકા અને લાકડી વડે શરીરે મુંઢ મારમારી ફરીયાદી સાથે ઝપાઝપી કરી ભુંડી ગાળો કાઢી મારી નાંખવાની ધમકી આપી મારૂતિ અલ્ટો કાર જેના રજી.નં. જી.જે.–૨૫–એ–૮૫૩૨ ની લઈ નાશી જઈ ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી આઈ.પી.સી.કલમ – ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા મે.જી.મેજી.સા.પોરબંદરના હથીયાર બંધી જાહેરનામાં નં. એમએજી/સી/૩૭૧/૧૨૬–૧/૨૦૨૪, તા. ૧૮/૦૬/૨૦૨૪ નો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાની ફરીયાદીએ ફરીયાદ કરતા આરોપીઓ વિરૂદ્ધ પુરતા પુરાવાના આધારે હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીઓને સમન્સ કરતા આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં આરોપીઓને પોલીસ તપાસના કાગળોની નકલો બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ અન્વયે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓ સામે મારા પુરોગામી સાહેબશ્રીએ આંક–૦૪ થી ત્હોમતનામું ફરમાવવામાં આવેલ તેમજ આંક–૦૫,૦૬ થી પ્લી લેવામાં આવતા આરોપીઓએ તેની સામેના ગુનાનો સ્પષ્ટ ઈન્કાર કરતા આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**–: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો :–**

| | |
|---|---|
| **આંક–૧૦** | **ફરીયાદી મનિષભાઇ પુનાભાઇ બાલસની જુબાની** |
| **આંક–૧૧** | **ફરીયાદ** |
| **આંક–૧૨** | **પંચસાહેદ વિરા જીવાભાઇ મોરીની જુબાની** |
| **આંક–૧૩** | **અટક/મુદામાલ કબજે કર્યાનું પંચનામું** |
| **આંક–૧૪** | **પંચસાહેદ ગોગન જીવાભાઇ મોરીની જુબાની** |
| **આંક–૧૬** | **સાહેદ સુભાષભાઇ ભોજાભાઇ ભુતીયાની જુબાની** |
| **આંક–૧૭** | **સાહેદ ભરતભાઇ કાનાભાઇ કોડીયાતરની જુબાની** |
| **આંક–૧૮** | **સાહેદ જયેશભાઇ જીવાભાઇ ભુતીયાની જુબાની** |
| **આંક–૨૦** | **સાહેદ રાજેશ માલદેભાઇ ભુવાની જુબાની** |

| | |
|---|---|
| **આંક–૨૧** | **સાહેદ ઝાંઝા ભીખાભાઈ બારડની જુબાની** |
| **આંક–૨૨** | **સાહેદ રામભાઈ હમીરભાઈ મોકરીયાની જુબાની** |
| **આંક–૨૩** | **સાહેદ ડો.કૃષ્ણકુમાર ચંપકલાલ વ્યાસની જુબાની** |
| **આંક–૨૪** | **ફરીયાદીનું સારવાર સર્ટી** |
| **આંક–૨૫** | **જાહેરનામું** |
| **આંક–૨૬** | **બનાવવાળી જગ્યાનું પંચનામું** |
| **આંક–૨૮** | **તપાસ અમલદાર દેવાભાઈ એભાભાઈ ઓડેદરાની જુબાની** |
| **આંક–૨૯** | **ડેપ્યુટ હુકમ** |

(૪) આ કામે ફરીયાદ પક્ષે મહત્વના સાક્ષી તપાસ્યા બાદ અને મૂળ ફરીયાદી તરફે વધુ પુરાવો રજૂ કરવા માંગતા ન હોય વિ.એ.પી.પી.શ્રી મૌખિક વિનંતી થી પુરાવો પૂરો થયાનું જણાવેલ છે, તે સંજોગો ધ્યાને લેતાં, ફરીયાદ પક્ષનો પુરાવો પુરો કરવામાં આવેલ છે.

(૫) આ કામે ફરીયાદ પક્ષનો પુરાવો પૂરો થતાં, આરોપીઓ સામે રેકર્ડ ઉપર આવેલ પુરાવા અંગે આરોપીઓનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ ફરીયાદ પક્ષનો પુરાવો ખોટો હોવાનું અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી.ની અને બચાવ પક્ષે તેમના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) ત્યારબાદ, ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રી એસ.બી.પરમાર તથા બચાવ પક્ષે વિ.વ.શ્રી એસ.એચ.પરમારની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૭) આ કેસની ઉપરોક્ત હકીકતો, સંજોગો, રેકર્ડ ઉપર રજૂ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાઈઓ તેમજ ઉભય પક્ષની રજૂઆતો ધ્યાને લેતાં, આ કેસના ન્યાય–નિર્ણય માટે આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: મુદ્દા ::–**

| | |
|---|---|
| (૧) | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ વાગ્યાના અરસામાં ભડ ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ફરીયાદી મનિષભાઈ પુનાભાઈ બાલસની ફરસાણની દુકાને આવી તહોમતદારોએ ફરીયાદીને કહેલ કે તારે** |

| | |
|---|---|
| | **ગામમાં ધંધો કરવો હોય તો મને મફતમાં નાસ્તો આપવો જોઈશે નહીંતર જાનથી મારી નાંખીશ તેમ કહી તહોમતદારોએ ફરીયાદીને થપ્પડો તેમજ લાકડાના ધોકા અને લાકડી વડે શરીરે મુંઢ મારમારી ફરીયાદી સાથે ઝપાઝપી કરી એકબીજાની મદદગારી કરી આઇ.પી.સી.કલમ–૩૨૩,૧૧૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?** |
| (૨) | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીઓએ ફરીયાદીને ભુડી ગાળો આપીને જાનથી મારી નાંખવાની ધમકી આપી આઇ.પી.સી.કલમ–૫૦૪,૫૦૬(૨)** |
| (3) | **શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઇ તા. ૨૨/૦૬/૨૦૨૪ ના રોજ આરોપીએ પોરબંદર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના હથીયાર બંધીના જાહેરનામાં નં. એમએજી/સી/ ૩૭૧/૧૨૬–૧/૨૦૨૪, તા. ૧૮/૦૬/૨૦૨૪ નો ભંગ કરી જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?** |
| (4) | **શું હુકમ ?** |

(૮) ઉપરોકત મુદાઓના મારા જવાબો નીચે મુજબ છે.

| | |
|---|---|
| (૧) | **નકારમાં** |
| (૨) | **નકારમાં** |
| (3) | **નકારમાં** |
| (4) | **આખરી હુકમ મુજબ** |

**<u>–: કારણો :–</u>**

(૯) આ કામે ફરીયાદપક્ષ તર્ફે રજુ કરવામાં આવેલ સમગ્ર પુરાવાને વિસ્તારથી ધ્યાને લેવામાં આવે તો,

**<u>ફરીયાદીનો પુરાવો :–</u>**

(૯.૧) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૦ થી ફરીયાદી મનિષભાઇ પુનાભાઇ બાલસ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું ફરીયાદી

તેમના સોગંદ ઉપરના પુરાવામાં એવો પુરાવો આપે છે કે,બનાવની તારીખ હાલ મને યાદ નથી.બનાવ આશરે એકાદ વર્ષ પહેલા બનેલો.બનાવ વખતે હું મારી ભજીયાની દુકાન ચલાવતો હતો ત્યારે પંચાયત ઓફિસેથી ભજીયાનો ઓર્ડર આવેલો અને હું તે ઓર્ડર મુજબના ભજીયા બનાવતો હતો ત્યારે અબ્દુલ આમદ બાલાગામીયા રહે.ભડ ગામવાળો મારી દુકાને આવેલો અને મને કહેવા લાગેલ કે મને ભજીયા આપ જેથી મે કહેલ કે આ ઓર્ડર પુરો થાય પછી તમને ભજીયા આપુ તો મને કહેલ કે ના અત્યારે જ ભજીયા મારે જોઈએ છે અને બોલાચાલી કરવા લાગેલ અને ના દેવા હોય તો કાંઈ નહી તેવુ કહી પછી ત્યાંથી જતો રહેલ.ત્યારપછી સાંજના સાડા છ થી સાત વાગ્યે મારી ભજીયાની દુકાને અબ્દુલભાઈ અને એક અજાણ્યો ભાઈ બંને ફોર વ્હીલમાં આવેલા ત્યારે અમો દુકાનની બારોબાર ખુરશીઓમાં બેઠેલા હતા અને મને અબ્દુલ કહેવા લાગેલ કે મને તે ગાળ બોલેલી છે તેવુ કહી પહેલા જાપટ મારેલી અને ત્યારબાદ લાકડી અને ધોકાથી મારવા લાગેલ અને ત્યારપછી ગાળાગાળી કરી ફોર વ્હીલ લઈ ત્યાંથી જતા રહેલ અને ત્યારપછી મે મારા ઘરે મારા કાકા મેરામણભાઈ રામભાઈ બાલસને ફોન કરેલ ત્યારપછી મંડેર થી મારા કાકા મેરામણભાઈ બાઈક લઈને ભડ ગામ આવેલા અને ભડ ગામના દવાખાને લઈ ગયેલ અને બીજા દિવસે મને વધારે દુ:ખાવો થતા ભડ ગામના સરપંચ રામભાઈ મોકરીયા મને પોરબંદર સરકારી દવાખાને સારવાર માટે લઈ ગયેલ જયાં મે હાલની ફરીયાદ આપેલી. મને અસલ ફરીયાદ બતાવામાં આવે છે જેમાં મારી સહી છે જે ઓળખી બતાવી **આંક–૧૧** થી રજુ કરુ છુ.પોલીસે મારી ઓળખ પરેડ કરાવેલ નથી.બંને આરોપીઓને જોયેથી ઓળખી શકુ છુ જેમાના અબ્દુલભાઈ કે જેણે કોર્ટમાં કાળા કલરનો શર્ટ પહેરેલ છે તે નામ.કોર્ટમાં હાજર છે તેજ છે જયારે અન્ય વ્યકિતને હું ઓળખતો નથી. મને મુદામાલ હથીયાર લાકડી અને ધોકો બતાવવામાં આવે તો જોઈને ઓળખી શકુ નહી.અજાણ્યા શખ્સે મને ધોકાથી માર મારેલ અને અબ્દુલે મને જાપટ મારેલી.

જયારે સદરહું ફરીયાદીએ આરોપીઓ તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,અબ્દુલ ભડ ગામમાં વાણંદનુ કામ કરે છે તેથી તેને હું ઘણા વર્ષોથી ઓળખુ છુ.કહેવાતા બનાવવાળી જગ્યાએ ભડ ગામ તળાવે

જવાનો આર.સી.સી જાહેર રોડ આવેલ છે અને તેની બાજુમાં મહાદેવ ઓટો એડવાઈઝરની દુકાન પણ આવેલી છે અને મશરીભાઈ કાનાભાઈ કોડીયાતરનુ મકાન પણ આવેલ છે.મને પોરબંદર સરકારી દવાખાને લઈ જનાર સરપંચ રામભાઈ મોકરીયા સામે ભડ ગામવાળા કાનોભાઈ સામ સામે ચુંટણી લડેલા.કહેવાતો બનાવ બનેલાના બીજા દિવસે હાલની ફરીયાદ આપેલી.ફરીયાદ મોડી આપવાનુ કારણ મે ફરીયાદમાં જણાવેલ નથી.

<u>**પંચસાહેદનો પુરાવો :–**</u>

(૯.૨) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૨ થી પંચસાહેદ વિરા જીવાભાઇ મોરી**ને તેમજ **આંક–૧૪ થી બીજા પંચસાહેદ ગોગન જીવાભાઇ મોરી**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું બંને પંચસાહેદોએ **આંક–૧૩** થી રજુ પંચનામાંમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. તે સિવાય પંચનામાં બાબતે તેઓ કાંઇ જાણતા નથી. આમ સદરહું બંને પંચસાહેદોએ પંચનામાં હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું પંચસાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

<u>**હોસ્ટાઇલ સાહેદનો પુરાવો :–**</u>

(૯.૩) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૧૬ થી સાહેદ સુભાષભાઇ ભોજાભાઇ ભુતીયા,આંક–૧૭ થી સાહેદ ભરતભાઇ કાનાભાઇ કોડીયાતર, આંક–૧૮ થી સાહેદ જયેશભાઇ જીવાભાઇ ભુતીયા, આંક–૨૦ થી સાહેદ રાજેશ માલદેભાઇ ભુવા તેમજ આંક–૨૧ થી સાહેદ ઝાંજા ભીખાભાઇ બારડ**ને સોગંદ ઉપર તપાસવામાં આવેલા છે. સદરહું સાહેદોનો સંયુકત પુરાવો વંચાણે લેતા બનાવ અંગે તેમને કોઇ જાત માહિતી ન હોવાની હકીકત જણાવેલ છે.આમ સદરહું સાહેદોએ તેમના નિવેદનની હકીકતને લેશમાત્ર સમર્થન કરેલ ન હોય તેઓને ફરી ગયેલા જાહેર કરી વિ.એ.પી.પી.શ્રી.ને ઉલટ તપાસ કરવાની પરવાનગી આપેલ હોવા છતાં સદરહું સાહેદોનો પુરાવો ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ નિવડતો નથી.

**<u>સાહેદનો પુરાવો :–</u>**

(૯.૪) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૨ થી સાહેદ રામભાઇ હમીરભાઈ મોકરીયા** એવો પુરાવો આપે છે કે,બનાવ ની તારીખ હાલ મને યાદ નથી અને કેટલા સમય પહેલા બનેલો તે હાલ હું કહી શકુ નહી.બનાવ વખતે હું ગામમાં હતો ત્યારે મને મનીષ બાલસનો ફોન આવેલો અને કહેલ કે,મારી સાથે અબ્દુલ આમદે માથાકુટ કરી માર મારેલ છે જેથી તમે અહીંયા આવો જેથી હું ત્યાં ગયેલો અને જોયુ તો મનીષ બાલસને મારકુટ થયેલ હતી અને ત્યારપછી મે અબુ આમદને ફોન કરી જણાવેલ કે મારકુટ જ થયેલ હોય તુ અહીંયા આવ તો સામાધાન કરાવી નાંખુ પરંતુ તે આવેલ નહી અને હું ત્યાંથી નિકળી ગયેલ.આ અબ્દુલ આમદ અને મનીષ વચ્ચે બબાલ થવાનુ કારણ એવું છે કે અબ્દુલ આમદ મનીષની દુકાને નાસ્તો લેવા ગયેલ તેમા હાલનો બનાવ થયેલ.મનીષને મુંઢ માર લાગેલ હતો અને બનાવના બીજા દિવસે હું મનીષ સાથે પોરબંદર સરકારી દવાખાને આવેલ અને ત્યારપછી મનીષે હાલની ફરીયાદ આપેલી.બનાવ બાદ પોલીસે મારુ નિવેદન લીધુ.આરોપીને જોયેથી ઓળખુ છુ જે નામ.કોર્ટમાં હાજર છે તેજ છે.

જયારે સદરહું સાહેદે આરોપીઓ તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, બનાવ મે મારી નજરે જોયેલ નથી તેથી બનાવ અંગે મને કોઈ જાત માહીતી નથી.ભડગામમાં મારા મમ્મી સરપંચ છે.સરપંચની ચુંટણીમાં મારા મમ્મીની સામે કાનાભાઈ તથા મેરૂભાઈ ઉભા હતા.મે પોલીસ રૂબરુના નિવેદનમાં મનીષનો મને ફોન આવેલ હતો તેવુ લખાવેલ ન હતુ.મે પોલીસ રૂબરુના નિવેદનમાં મે અબુ આમદને ફોન કરી જણાવેલ કે મારકુટ જે થયેલ હોય તુ અહીંયા આવ તો સામાધાન કરાવી નાંખુ પરંતુ તે આવેલ નહીં તેવુ લખાવેલ નથી.

**<u>ડોકટરશ્રીનો પુરાવો :–</u>**

(૯.૫) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૩ થી સાહેદ ડો.કૃષ્ણકુમાર ચંપકલાલ વ્યાસ** એવો પુરાવો આપે છે કે,ગઈ તા.૨૩/૬/૨૦૨૪ ના રોજ અમો ભાવ.હોસ્પિટલમાં મેડી.ઓફિસર તરીકે ફરજ પર હતા ત્યારે સવારના

૧૧:૩૦ કલાકે દર્દી નામે મનીષ પુનાભાઈ બાલસ ઉ૫.૨૩ નાઓ જાતે પોલીસ ચાદી વગર સારવાર માટે આવેલા હતા.બનાવ અંગે હિસ્ટ્રી પુછતા દર્દીએ જાતે જણાવેલ કે,ભડ ગામે મારા મારી થયેલ છે સાંજના ૭:૩૦ કલાકે તા.૨૨/૬/૨૦૨૪ ના રોજ હાથમાં ધોકા મારેલ છે અને મોઢા ઉપર થપાટો મારેલ છે જે માર અબ્દુલ તથા અબ્દુલના ભાણેજ જેનુ નામ દર્દીને આવડતુ ન હતુ તેના દ્વારા માર મારવામાં આવેલાનુ જણાવેલ.દર્દીને તપાસતા ઈજા નં.(૧) દર્દીના જમણા હાથના પંજાના ઉપરના ભાગે ૨ x ૧ સે.મી નો રતાસ પડતો અને સોજા વાળો તાજો ઉજરડો જોવા મળેલ.ઈજા નં.(૨) દર્દીના ડાબા હાથની કોણીના પાછળના ભાગે ૩× ૧ સે.મી નો રતાસ પડતો ઉજરડો જોવા મળેલ.સદર દર્દી સભાન અવસ્થામાં હતા અને સમય, સ્થળ અને લોકોને પારખી શકતા હતા અને સદર દર્દીને થયેલ ઈજા સખત અને બોથડ પદાર્થથી થઈ શકે તે પ્રકારની હતી.સદર દર્દી જાતે તા.૨૩/૬/૨૪ ના રોજ સાંજના ૪:૩૦ કલાકે ડોકટરની સલાહ વિરૂદ્ધ હોસ્પિટલ છોડીને જતા રહેલ.મને એમ.એલ.સી કેસ નં.૩૦૧/૨૪ અસલ સારવાર સર્ટીફીકેટ બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે તે મારા સ્વ હસ્તાક્ષરમાં લખેલ છે અને તેમાં મારી સહી તથા સિકકો છે જે ઓળખી બતાવી **આંક–૨૪** થી રજુ કરૂં છું.

જયારે સદરહું ડોકટરશ્રીએ આરોપીઓ તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે, દર્દીને કહેવાતા બનાવના બીજા દિવસે મારી રૂબરુ સારવાર માટે લાવવામાં આવેલ હતા.દર્દીને થયેલ ઈજા નં.૧ અને ઈજા નં.૨ મારામારી સિવાય અન્ય કારણસર પણ થઈ શકે.

<u>તપાસ અમલદારનો પુરાવો :–</u>

(૯.૬) ત્યારબાદ ફરીયાદ પક્ષે **આંક–૨૮ થી તપાસ અમલદાર દેવાભાઈ એભાભાઈ ઓડેદરા** એવો પુરાવો આપે છે કે,હું નવી બંદર મરીન પોલીસ સ્ટેશનમાં છેલ્લા સાડા ત્રણ વર્ષ થી એ.એસ.આઈ તરીકે મારી ફરજ બજાવુ છુ. મારી ફરજ દરમ્યાન તા.૨૩/૦૬/૨૦૨૪ ના રોજ મારી ફરજ ઉપર હાજર હતા તે દરમ્યાન પી.એસ.ઓ તરફથી ગુન્હા.રજી.નં.પાર્ટ–એ ૬૨/૨૦૨૪ આઈ.પી.સી કલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા

જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબનો ગુન્હો રજીસ્ટર થતા ગુન્હાની તપાસ ફરીયાદ તથા સાધનીક કાગળો સાથે અમોને સોંપતા અમોએ તપાસ સંભાળી લીધેલ.તપાસ સંભાળ્યા અંગેનો અસલ ડેપ્યુટ હુકમ પી.એસ.ઓની સહી વાળો **આંક–૨૯** થી રજુ છે.

અમોને તપાસ મળતા બે પંચોની હાજરીમાં બનાવાળી જગ્યાનું પંચનામું કરવામાં આવેલ જેમા અમારા રૂબરુ પંચોએ તેમજ અમોએ અમારી સહી કરેલી જે ઓળખી બતાવુ છુ જે પંચનામુ **આંક–૨૬** થી રજુ છે જેમા પંચોની તથા રૂબરુ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવુ છુ.તેમજ બે પંચોની હાજરીમાં આરોપીને અટક કર્યાનુ પંચનામુ કરવામાં આવેલ જેમા અમારા રૂબરુ પંચોએ તેમજ અમોએ અમારી સહી કરેલી જે ઓળખી બતાવુ છુ જે પંચનામુ **આંક–૧૩** થી રજુ છે તેજ છે.તેમજ તપાસના કામે ઈજા પામનાર સાહેદનુ સારવાર સર્ટીફીકેટ ભાવસિંહજી હોસ્પિટલ પોરબંદરથી મેળવી તપાસના કાગળોમાં સામેલ રાખેલ જે સારવાર સર્ટીફીકેટ આ કામે **આંક–૨૪** થી રજુ છે તેજ છે.તથા તપાસના કામે અમોએ જીલ્લા મેજી.શ્રી ની કચેરીનું બનાવ સમયે અસ્તીત્વમાં હોય તા.૧૮/૬/૨૪ થી ૧૬/૭/૨૪ સુધીનુ હથીયારબંધીનું જાહેરનામુ મેળવી તપાસના કામે સામેલ રાખેલ જે સદર કામે **આંક–૨૫** થી રજુ છે તેજ છે.

ત્યારબાદ આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો તેઓના લખાવ્યા મુજબ લખી લેવામાં આવેલ અને સમગ્ર તપાસના અંતે આ કામના આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા હાલનુ ચાર્જશીટ કરેલ.

જયારે સદરહું તપાસ અમલદારે આરોપીઓ તરફેની **ઉલટ તપાસમાં** એવી હકીકત જણાવેલ છે કે,તપાસના કામે અમોએ આરોપીઓની મામલતદાર રૂબરુ કોઈ ઓળખ પરેડ કરાવેલ નથી.બનાવવાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે અને ઘણાબધા રહેંણાક મકાનો આવેલ છે.ફરીયાદીએ પોતાની ફરીયાદ બનાવ બન્યા બાદ બીજા દિવસે આપેલ છે.ફરીયાદીએ પોતાની ફરીયાદ આપેલી તે સમયે તે સરપંચ સાથે આવેલ હતા કે કેમ તેની મને ખબર નથી.સાહેદ જણાવે છે કે ફરીયાદીની સાથે હોસ્પિટલમાં સરપંચ હાજર હતા.ફરીયાદીએ પોતાના વિશેષ નિવેદનમાં તેઓને લાકડીથી માર મારેલ હોય તેવી હકીકત લખેલ નથી. ફરીયાદીએ પોતાના વિશેષ નિવેદમાં

અને 'બોલાચાલી કરવા લાગેલ અને નાં દેવા હોય તો કાંઈ નહીં તેવુ કહી પછી ત્યાંથી જતો રહેલ'' અને ''ત્યારપછી મંડેરથી મારા કાકા મેરામણભાઈ બાઈક લઈને ભડ ગામ આવેલા અને ભડ ગામના દવાખાને લઈ ગયેલ" તેવુ લખાવેલ નથી.

**<u>પુરાવાકીય મુલ્યાંકન</u>**

**(૧૦)** હાલના કામે આરોપીઓ પર તા: ૨૨.૦૬.૨૦૨૪ ના કલાક ૧૯/૩૦ વાગ્યાના અરસામાં ભડ ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ ફરીયાદીની ફરસાણની દુકાને આવીને આરોપીઓએ ફરીયાદીને તારે ગામમાં ધંધો કરવો હોઇ તો મને મફતમાં નાસ્તો આપવો પડશે નહીતર જાનથી મારી નાંખીશ તેમ કહીને આરોપિ નંબર ૧ તથા ૨ નાએ ફરીયાદીને થપ્પડ તથા લાકડાના ધોકા અને લાકડીથી શરીરે મુંઢ માર મારીને ઈજા કરેલ તથા ભુંડી ગાળો આપીને ઇન્ડીયન પીનલ કોડની કલમ ૩૨૩, ૫૦૪,૫૦૬(૨),૧૧૪ મુજબનો આરોપ મુકવામાં આવેલ છે. જે તહોમત અનુસંધાને આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવાને આ કામે ઉપસ્થિત થયેલ મુદ્દા અનુસંધાને મુલવવામાં આવે તો

**<u>મુદ્દા નંબર ૧ ની ચર્ચા:</u>**

(૧૦.૧) ફરીયાદ પક્ષેથી આરોપી પર લગાવેલ આરોપ સાબિત કરવા માટે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે સમગ્ર પુરાવાને વિસ્તારથી જોવામાં આવે તો, સૌપ્રથમ આરોપી પર ઇ.પી.કો.કલમ−૩૨૩ મુજબનો આરોપ સાબિત કરવા માટે (૧) આરોપીએ શારીરીક પીડા, રોગ અથવા અશક્તિ નિપજાવ્યા, (૨) આવુ કૃત્ય આરોપીએ વ્યથા થવાનો સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છા પુર્વક કરેલ છે તેવુ સાબિત કરવુ પડે.

(૧૦.૨) સદર મુદ્દા અનુસંધાને ફરીયાદપક્ષનો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદીએ પોતાની ફરીયાદમાં જણાવેલ છે કે, બનાવના દિવસે આરોપી નંબર ૧ તેઓની દુકાને આવેલ અને બળજબરીપુર્વક ભજીયા આપવાનુ જાણાવેલ અને નહી આપે તો મજા નહી આવે તેમ કહેતા ફરીયાદીએ તેઓ રામભાઈ ડાકીના ઓર્ડરનુ કામ કરતા હોય પછી આવવા જણાવતા આરોપી નંબર ૧ ફરીયાદીને જેમફાવે તેમ ગાળો આપીને ત્યાંથી જતા રહેલ. પરંતુ ત્યારબાદ સાંજના ૨૨/૦૦ કલાકે ફરીયાદી, સુભાષભાઇ

ભુતીયા, ભરતભાઇ કોડીયાતર, જયેશભાઇ ભુતીયા, ભાવેશ ભુવા, ઝાંઝાંભાઇ બારડ ફરીયાદીની દુકાને બેઠા હતા ત્યારે આરોપી નંબર ૧ અને અજાણ્યો ઇસમ ત્યાં હાથમાં ધોકા લઇને આવેલ અને કાંઇ પણ બોલ્યા વગર ગાલ પર લાફા મારવા લાગેલ અને ફરીયાદી ભાગવા જતા આરોપી નંબર ૧ સાથે આવેલ અજાણ્યા ઇસમ દ્વારા ધોકો માથામાં મારવા જતા હાથ આડો કરતા હાથમાં ઇજા થયેલ અને આરોપી નંબર ૧ નાએ ડાબા હાથમાં ધોકો મારેલ હતો. જે હકીકત અનુસંધાને ફરીયાદી પોતાની આંક ૧૦ની સોંગદપરની જુબાનીમાં જણાવે છે કે બનાવના દિવસે બંને આરોપીઓ ફોર વ્હીલ ગાડી લઇને આવેલ અને આરોપી નંબર ૧એ કહેલકે તે મને ગાળો બોલેલ છે અને ઝાપટ મારેલ અને ત્યારબાદ લાકડી અને ધોકાથી મારવા લાગેલ. આમ, ફરીયાદિ પોતાની ફરીયાદમાં આરોપીઓ કાંઇપણ બોલ્યા વગર મારવા લાગેલ હોવાનુ જણાવે છે જ્યારે સોંગદ પરની જુબાનીમાં ગાળો કેમ આપેલ છે તેમ કહીને બોલવા લાગેલ હોવાનુ જણાવે છે. વધુમાં ફરીયાદી પોતાની જુબાનીમાં આરોપી નંબર ૧ દ્વારા ઝાપટ મારવામાં આવેલ હોવાનુ અને અજાણ્યા ઇસમ દ્વારા ધોકાથી મારેલ હોવાનુ જણાવે છે જે અજાણ્યા ઇસમને તેઓ ઓળખતા ન હોવાનુ જણાવે છે. જ્યારે પોતાની ફરીયાદમાં બંને આરોપીઓએ ધોકાથી મારેલ હોવાનુ જણાવે છે.

(૧૦.૩) વધુમાં હાલના કામે ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ બનાવ સમયે સુભાષભાઇ ભુતીયા, ભરતભાઇ કોડીયાતર, જયેશભાઇ ભુતીયા, ભાવેશ ભુવા, ઝાંઝાંભાઇ બારડ ત્યાં હાજર હોવાનુ જણાવેલ છે. જે તમામ સાહેદો બનાવને નજરે જોનાર સાહેદો છે તેઓની જુબાની ધ્યાને લેવામાં આવે તો, તમામ સાહેદો પોતાની જુબાનીમાં તેઓને બનાવની કોઇ માહીતી ન હોવાનુ જણાવે છે. જેઓને ફરીયાદપક્ષે એપીપીશ્રી દ્વારા ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલ છે અને તેઓની વિગતવારની ઉલટતપાસ લેવામાં આવેલ છે જેમાં તેઓએ બનાવની સમગ્ર હકીકતનો સાફ શબ્દોમાં ઇનકાર કરેલ છે. તેમજ આ કામે સાહેદ રામભાઇ હમીરભાઇ મોકરીયા પોતાની આંક ૨૨ ની જુબાનીમાં જણાવે છે કે ફરીયાદી અને અબ્દુલભાઇની માથાકુટ થતા ફરીયાદીએ તેઓને બોલાવેલ હતા પરંતુ સદર સાહેદ પોતાની ઉલટ તપાસમાં જણાવે છે કે બનાવ તેઓએ નજરે જોયેલ નથી. આમ, આ કામે ફરીયાદીની

સોંગદ પરની જુબાનીને આ કામે નજરે જોનાર સાહેદોની જુબાનીથી સમર્થન મળતુ નથી. તેમજ ફરીયાદીની ફરીયાદ અને સોંગદ પરની જુબાનીમાં પણ મહત્વના કહી શકાય તેવા વિરોધાભાષ જોવા મળે છે.

(૧૦.૪) વધુમાં આ કામે ફરીયાદીએ હાલની ફરીયાદમાં આરોપી નંબર ૨ અજાણ્યા ઇસમ હોવાનુ જણાવે છે જે અજાણ્યો ઇસમ કોણ હતુ તે સંબધે તેઓ કોઇ હકીકત જણાવતા નથી કે તેઓને કોર્ટ રૂબરૂ ઓળખી પણ બતાવતા નથી તેમજ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા તેઓની ઓળખપરેડ કરાવવામાં આવેલ હોય તેવુ પણ બનેલ નથી. જે તમામ હકીકત ધ્યાને લેતા આ કામના આરોપીઓએ ફરીયાદીને માર મારીને ઇજા કરેલ હોય તે હકીકત સંબધે શંકા ઉપસ્થિત થાય છે અને શંકા ગમે તેટલી પ્રબળ હોય શંકા કદી પુરાવાનુ સ્થાન લઇ શકે નહી. તેમજ જ્યારે પણ શંકા ઉપસ્થિત થતી હોય તે શંકાનો લાભ આરોપીની તરફેણમાં આપવાનો રહે છે તેવો ફોજદારી નીતીશાત્ર નો સામાન્ય સિંધ્ધાંત છે.જેથી મુદ્દા નંબર ૧ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દાનંબર : ૨ :–</u>**

(૧૦.૫) ફરીયાદ પક્ષેથી આરોપી પર લગાવેલ આરોપ સાબિત કરવા માટે જે પુરાવો રજુ કરવામાં આવેલ છે તે સમગ્ર પુરાવાને વિસ્તારથી જોવામાં આવે તો, સૌપ્રથમ આરોપી પર ઇ.પી.કોડ કલમ : ૫૦૪ સાબિત કરવા માટે આરોપીએ ઇરાદાપુર્વક ઉશ્કેરવાના હેતુસર અપમાન કરેલ હોવાનું રેકર્ડ પર સાબિત કરવુ પડે છે તેમજ ઇ.પી.કો.કલમ : ૫૦૬(૨) સાબિત કરવા માટે ફરીયાદ પક્ષેથી આરોપીએ ધમકી આપેલ હોવાનુ તથા આવી ધમકી વ્યક્તિને ભયભીત કરવા માટે આપેલી હતી અને તેવી ધમકીથી તે વ્યક્તિને વાસ્તવિક ભય ઉત્પન્ન થયેલો તેવુ સાબિત કરવુ પડે.

(૧૦.૬) સદર મુદ્દા લગત હાલના કામે રજુ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો ફરીયાદીએ પોતાની ફરીયાદમાં આરોપીએ તેઓને ભુડી ગાળો આપેલ હોવાનુ જણાવેલ છે તેમજ પોતાની જુબાનીમાં પણ આરોપીએ તેઓને ગાળો આપેલ હોય તેવુ જણાવેલ છે. પરંતુ આ કામે એકપણ સાહેદ આરોપીઓએ ફરીયાદીને ગાળો આપેલ હોય તેવી કોઇ હકીકત જણાવતા નથી. વધુમાં ફરીયાદીની ફરીયાદ ધ્યાને લેતા આરોપીઓ

કેવા પ્રકારના અપશબ્દ બોલતા હતા તે વિગત જણાવેલ નથી. જે સંજોગોમાં આરોપીઓએ ફરીયાદીને ઉશ્કેરણી થાય તેવા કેવા પ્રકારના શબ્દો બોલેલ છે તે હકીકત રેકર્ડ પર આવતી ન હોય આરોપીઓએ ફરીયાદીને ઉશ્કેરણી થાય તેવા શબ્દો બોલેલ છે તેવું માની શકાય નહી.

(૧૦.૭) આમ કલમ : ૫૦૪ સાબિત કરવા માટે આરોપીએ ઈરાદાપુર્વક ઉશ્કેરવાના હેતુસર અપમાન કરેલ હોવાનું રેકર્ડ પર સાબિત કરવુ પડે છે પરંતુ હાલના કામે આરોપીઓએ ફરીયાદીને ઉશ્કેરવા માટે કોઈ અપમાનજનક શબ્દો બોલેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. આમ, કલમ ૫૦૪ ના આવશ્યક તત્વો આકર્ષાતા નથી.

(૧૦.૮) તેમજ ફરીયાદીની ફરીયાદમાં જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદી તથા સાહેદ પોતાની સોગંદ પરની જુબાનીમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોય તેવી કોઈ હકીકત જણાવતા નથી. હાલના કામે ફરીયાદી બનાવ બન્યા બાદ પણ પોતાની દૈનિક દિનચર્યા કરતા આવેલ હોવાનુ જણાય આવે છે. જે સંજોગોમાં ફક્ત ધમકી આપવા માત્રનું જણાવવાથી ઇ. પી. કો કલમ ૫૦૬(૨) મુજબનો ગુનો સાબિત થતો નથી. જે લગત નામદાર ગુજરાત હાઈકોર્ટનો "પ્રવિણભાઈ બેચરભાઈ વણકર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત " જે ૨૦૦૭ (૧) જી.એલ.એચ પાના નં. ૩૩૭ ના ચુકાદો ધ્યાને લેવામાં આવે તો તેમા એમ ઠરાવેલ છે કે, In order to convict an accused under Section-504 of Indian Penal Code, the actual word used by the accused must be brought on record by the prosecution from the mouth of the witness.The insult envisaged by Section-504 must not only be intentional but also thereby must give provocation to person insulted to breach public peace or to commit any other offence In order to convict an accused under Section-506(2) of Indian Penal Code, the threat as contemplated in Section-506 must cause alarm in the mind of person so threatened. આમ, આ કામે ફરીયાદ પક્ષે આરોપીએ ધમકી આપેલ હોવાનુ જ નહી પરંતુ તે ધમકીના કારણે ફરીયાદીને વાસ્તવીક ભય ઉત્પન્ન

થયેલ હોવાનુ પણ સાબીત કરવુ પડે. આ કામે ફરીયાદીની ફરીયાદમાં આરોપીઓએ જાનથી મારી નાંખવાની ધમકી આપેલ હોવાનુ જણાવેલ છે પરંતુ ફરીયાદીને તે ધમકીના આધારે વાસ્તવીક ભય ઉત્પન્ન થયેલ છે તેવુ સાબીત કરી શકેલ નથી. જેથી મુદ્દા નંબર ૨ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર ૩ ની ચર્ચા:</u>**

(૧૦.૯) વધુમાં આ કામે આરોપીઓ પર પોરબંદર જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનુ હથિયાર બંધીના જાહેરનામાના ભંગ માટે ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબનો આરોપ મુકવામાં આવેલ છેઅને ફરીયાદપક્ષે આંક ૨૫ થી જાહેરનામુ રજુ કરવામાં આવેલ છે જે જાહેરનામુ કોઈ સાહેદ તપાસીને પુરવાર કરવામાં આવેલ હોય તેવુ બનેલ નથી જેને બચાવપક્ષની સંમતીથી રેકર્ડમાં લેવામાં આવેલ છે જે જાહેરનામાને ધ્યાને લેતા બનાવ સમયે હથીયારબંધીનુ જાહેરનામુ અસ્તિત્વમાં હોવાનુ જણાઈ આવે છે જે અનુસંધાને આ કામે ફરીયાદપક્ષ તર્ફે રીકવરી પંચનામુ આંક ૧૩ થી તજુ કરવામાં આવેલ છે જે પંચનામાના બંને પચસાહેદો પોતાની જુબાનીમાં માત્ર પોતાની સહી પુરતો જ પુરાવો આપે છે અને પંચનામાની બાકીની તમામ હકીકતનો સાફ શબ્દોમાં ઈનકાર કરે છે. આમ, આ કામે આરોપીઓ પાસેથી ફરીયાદપક્ષ રેકર્ડ પર હથિયારની રીકવરી સાબીત કરી શકેલ નથી જે હકીકત ધ્યાને લેતા જ્યારે ફરીયાદપક્ષ આરોપીઓ પાસેથી હથીયારની રીકવરી સાબીત કરી શકેલ ન હોય આરોપીઓએ હથીયારબંધીના જાહેરનામાનો ભંગ કરેલ છે તેવુ કહી શકાય નહી. જેથી મુદ્દા નંબર ૩ નો જવાબ નકારમાં આપવામાં આવે છે.

(૧૧) આમ ઉપરોક્ત ચર્ચાને અંતે આ કામે આરોપીઓ સામે આરોપાયેલ આરોપ ફરીયાદ પક્ષ નિ:શંક પણે પુરવાર કરી શકેલ ન હોય મુદ્દા નં.૪ લગત નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુકમ</u> ::–**

**૧.** આ કામે હાલના આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે ઇ.પી.કોડની કલમ- ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબના ગુના સબબ શંકાનો લાભ આપી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે આરોપીઓએ ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭ એ મુજબ અપીલ સમયના રૂ.૧૫,૦૦૦/– અંકે પંદર હજારના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

**3.** મુદ્દામાલ હથીયારનો અપીલ સમયબાદ નિયમાનુસાર નાશ કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૩ મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

**તા. ૧૩.૦૪.૨૦૨૬**
**પોરબંદર**

**કોમલ કુનાલ રાઠોડ**
**બીજા એડી.ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ**
**પોરબંદર**
**જજ કોડ નં. જીજે–૦૧૧૩૦**